જાહેર/ખાનગી વ્યકિતઓને આપવામા આવતા રોકડ ઇનામની રકમમા વધારો કરવા તથા આગોતરા રોકડ ઇનામ જાહેર કરવા બાબત.

**ગુજરાત સરકાર**

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક : મહક-૧૦૯૮-૫૨૮ (૧)-વ

સચિવાલય, ગાંધીનગર.

**તારીખ : ૧૭-૦૮-૨૦૨૨**

**વંચાણે લીધા :-**

(૧) ગૃહ વિભાગના તારીખ ૨૦/૦૮/૧૯૯૯ના ઠરાવ ક્રમાંક : મહક-૧૦૯૮-૫૨૮ (૧)-વ

(૨) ગૃહ વિભાગના તારીખ ૧૭/૧૧/૧૯૯૯ના ઠરાવ ક્રમાંક : મહક-૧૦૯૮-૫૨૮ (૧)-વ

(3) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી કચેરી, ગાંધીનગરનો તારીખ ૧૨/03 /૨૦૧૯ ના પત્ર ક્રમાંક: જી-૧/ક્રાઇમ/ટે-૨/ઇનામ દરખાસ્ત/૧૯/૫૧૭/૨૦૧૯

**ઠરાવ :-**

ગુજરાત પોલીસ મેન્યુઅલ-૧૯૭૫ ભાગ-૧ ના નિયમ ૨૯૫ (૪) (ક) માં સુધારો કરી, વંચાણે લીધા ક્રમાંક (૨) સામેના તારીખ ૧૭/૧૧/૧૯૯૯ના ઠરાવથી **જાહેર/ ખાનગી વ્યકિતઓને** (૧) ગુન્હેગારોને પકડવા તેમજ ગુન્હેગારોને પકડવામાં પોલીસ સત્તાવાળાઓને મદદ કરવા તથા (૨) રોડ અકસ્માતમાં ભોગ બનેલ વ્યકિત / વ્યકિતઓને હોસ્પિટલ / દવાખાનામાં લઇ જવા અંગેની મદદ કરવી અથવા તબીબી સહાય પૂરી પાડવા રોકડ ઇનામની રકમ તથા તે મંજુર કરવા માટે સત્તાધિકારીની સત્તા વિભાગનાં તારીખ ૨૦/૦૮/૧૯૯૯ના ઠરાવ મુજબ નક્કી કરવામાં આવેલ.

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીનાં વંચાણે લીધા ક્રમાંક (3) સામેના તારીખ ૧૨/03/૨૦૧૯ ના પત્રથી, પ્રસ્તુત ઠરાવમાં સુધારો / ફેરફાર કરવા અને અગાઉથી બાતમી આપનારને અગોતરા ઇનામ આપવા માટે દરખાસ્ત કરવામાં આવેલ જેને મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઉક્ત વિગતોએ કાળજીપૂર્વક વિચારણાને અંતે વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) અને (૨) સામેના ઠરાવોમાં સુધારો કરી, ગુજરાત પોલીસ મેન્યુઅલ – ૧૯૭૫ના ભાગ-૧ ના નિયમ ૨૯૫ (૫) માં નિયત થયેલ રોકડ ઇનામની રકમમાં વધારો કરવા અને તે આપવાની સત્તાઓની જોગવાઇમાં નીચેના કોષ્ટકનાં કોલમ – ૨ માં જણાવેલ સક્ષમ સત્તાધિકારીને કોલમ – 3 માં

જણાવ્યા મુજબની ઇનામની રકમ મંજુર કરવાની સત્તા આપવાનું નીચેની શરતો/સ્પષ્ટતાઓને આધિન આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | મંજુર કરનાર સક્ષમ સત્તાધિશ | ઇનામની રકમ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | રાજ્ય સરકારશ્રી | રૂ.૨,૦૦,૦૦૦/- થી વધુ પરંતુ વ્યકિત દિઠ કુલ રકમના ૫૦% થી વધે નહી તેટલી રકમ. |
| ૨ | પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય | એક કેસમાં રૂ.૨,૦૦,૦૦૦/- પરંતુ વ્યકિત દિઠ કુલ રકમના ૫૦% થી વધે નહી તેટલી રકમ. |
| ૩ | ❖ પોલીસ મહાનિદેશકશ્રી/અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. ક્રાઇમ એન્ડ રેલ્વેઝ, એ.ટી.એસ., કોસ્ટલ સિક્યુરીટી તથા સમકક્ષ અધિકારીશ્રી<br>❖ નિયામકશ્રી, લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો,<br>❖ પોલીસ કમિશ્નરશ્રી | એક કેસમાં રૂ.૧,૦૦,૦૦૦/- પરંતુ વ્યકિત દિઠ કુલ રકમના ૫૦% થી વધે નહી તેટલી રકમ. |
| ૪ | પોલીસ મહાનિરીક્ષકશ્રી/નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી તથા સમકક્ષ અધિકારી | એક કેસમાં રૂ.૨૦,૦૦૦/- પરંતુ વ્યકિત દિઠ કુલ રકમના ૫૦% થી વધે નહી તેટલી રકમ. |
| ૫ | પોલીસ અધિક્ષકશ્રી/સેનાપતિશ્રી તથા સમકક્ષ અધિકારી | એક કેસમાં રૂ.૧૦,૦૦૦/- પરંતુ વ્યકિત દિઠ કુલ રકમના ૫૦% થી વધે નહી તેટલી રકમ. |

**શરતો/ સ્પષ્ટતાઓ : –**

**(૧) જાહેર/ ખાનગી વ્યકિઓની ભુમીકા :–**

- ગુનેગારોને પકડવા તેમજ ગુનેગારોને પકડવામાં પોલીસ સત્તાવાળાઓને મદદ કરવી.
- રોડ અકસ્માતમાં ભોગ બનેલ વ્યકિત/વ્યકિતઓને હોસ્પિટલ/દવાખાનામાં લઇ જવા અંગેની મદદ કરવી.
- આગ અકસ્માતમાં સપડાયેલ વ્યકિતઓને જીવના જોખમે મદદ કરવી.
- રોડ અકસ્માતમાં ભોગ બનેલ વ્યકિત/વ્યકિતઓને સ્થળ ઉપર જ તબીબી સહાય પુરી પાડવી.
- નદી–નાળા કે નહેર/સમુદ્રમાંથી ડુબતી વ્યકિતઓને બચાવવા મદદ કરવી.

- કુદરતી/માનવ સર્જિત હોનારતમાં મદદ કરવી.

**(૨) બાતમીદારોની ભુમીકા :-**

- બાતમી આપવા સબંધે માહિતી એકત્ર કરવા હિંમત-શૌર્યની સમીક્ષા કરવી
- ગુનો સાબિત કરવામાં ભુમિકા
- ભાગેડું તહોમતદાર સબંધે બાતમી
- ગેંગની માહિતી આપેલ છે કે ગુનેગારની માહિતી આપેલ છે તેની સમીક્ષા કરવી.
- આપેલ માહિતીથી શોંધાયેલ ગુનો અને તપાસમાં ફલીત થયેલ હકીકતોની અલગ-અલગ સમીક્ષા કરવી.

**(૩) જાહેર/ ખાનગી વ્યકિતઓ/બાતમીદારોને આપવાની ઇનામી રકમ બાબત :-**

- વાર્ષિક એકજ વ્યકિતને વધુમાં વધુ ૧૦ વખત ઇનામ આપી શકાશે અને જો તેનાથી વધુ વખત ઇનામ આપવાની જરૂરીયાત ઉભી થાય તો તે અંગેની મંજુરી જે અધિકારીશ્રીને ઇનામ મંજુર કરવાની સત્તા હોય તેનાથી એક ઉપરના સત્તાધીશને આ અંગેના વાજબી કારણો સાથે દરખાસ્ત રજુ કરી તેમની પાસેથી મંજુરી મેળવવાની રહેશે.
- એક વ્યકિતને મહત્તમ વધુમાં વધુ રૂ.૫૦,૦૦૦/- ની રકમ જ ઇનામ તરીકે મળવાપાત્ર થશે અને જો તેનાથી વધુ વખત ઇનામ આપવાની જરૂરીયાત ઉભી થાય તો તે અંગેની મંજુરી જે અધિકારીશ્રીને ઇનામ મંજુર કરવાની સત્તા હોય તેનાથી એક ઉપરના સત્તાધીશને આ અંગેના વાજબી કારણો સાથે દરખાસ્ત રજુ કરી તેમની પાસેથી મંજુરી મેળવવાની રહેશે.
- જાહેર/ખાનગી વ્યકિત/બાતમીદારના મૃત્યુના કિસ્સામાં રીવોર્ડ મંજુર કરનાર સક્ષમ અધિકારીએ કાયદેસરના વારસદાર કે નામ નિયુકતોને ઇનામ લાયક ગણવાના રહેશે.

**(૪) ગંભીર ગુનાના આરોપીની બાતમી આપવા માટે આગોતરા ઇનામ જાહેર કરવા બાબત :-**

- આ માટે માત્ર ગંભીર ગુનાઓ કે જે ગુનાઓમાં સાત વર્ષથી વધુ સજાની જોગવાઇ હોય તેવા ગુનાઓ જેવા કે, ખૂનને લગતા ગુનાઓ, લૂંટ સાથે ખૂનના ગુનાઓ, મહિલા હત્યાચારને લગતા ગુનાઓ, હથિયારોની હેરાફેરીને લગતા ગુનાઓ, માનવ તસ્કરીને લગતા ગુનાઓ, ગેંગરેપને લગતા ગુનાઓ, ધર્માંતરણને લગતા ગુનાઓ આર્થિક ગુના, આતંકવાદને લગતા ગુનાઓ, ગંભીર પ્રકારના સાયબર ક્રાઇમને લગતા ગુનાઓ, ગુજસીટોકને લગતા ગુનાઓ, આર્થિક ગુનાઓ જેમાં સમાજના બહોળા વર્ગને અસરકરતાં ગુનાઓ વગેરે જેવા ગુનાઓ ધ્યાનમાં લેવાના રહેશે.
- તેમજ બાતમી આપનાર વ્યકિતની ઓળખ ગુપ્ત રહે અને તેના જીવને જોખમ ન થાય તથા જરૂરી સુરક્ષા મળી રહે તે પણ પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીએ સુનિશ્વિત કરવાનું રહેશે.

(૫) ગૃહ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના તારીખ ૨૦/૦૮/૧૯૯૯, વંચાણે લીધા ક્રમાંક (૨) સામેના તારીખ ૧૭/૧૧/૧૯૯૯ ઠરાવોની અન્ય શરતો યથાવત રહેશે.

(૬) આ વિભાગના નાર્કોટિક્સની રીવોર્ડ પોલીસી અંગેના તા.૧૪/૧૦/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક:નસધ/૧૦૨૦૧૯/૪૩૨/ઇ-૧ ની જોગવાઇઓ અને બાબતો લાગુ પડતી હશે ત્યા આ ઠરાવની જોગવાઇઓ અને બાબતો લાગુ પડશે નહિ.

આ અંગેનો ખર્ચ બજેટ સદર ૨૦૫૫ 00 ૧૦૯ ૦૧- MEP-6 જિલ્લા પોલીસ ખુદમાં થયેલ જોગવાઇઓ અને નાણાકીય વર્ષમાં આ હેતુ માટે મંજૂર થયેલ અનુદાનની મર્યાદામાં કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તારીખ ૧૭-૧૧-૨૦૨૧ની નોંધથી તથા સરકારશ્રીની તારીખ ૧૭-૦૮-૨૦૨૨ ની નોંધથી મળેલ મંજુરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Jigar
17/8/22
(જીગર પટેલ)
નાયબ સચિવ
ગૃહ વિભાગ.

ISSUED
Dt. 23 AUG 2022

પ્રતિ,

* માન.રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર.(પત્ર દ્વારા)
- માન.મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, પોલીસ ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી(સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલ્વેઝ), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ/સુરત/વડોદરા/રાજકોટ શહેર, ગુજરાત.
- પોલીસ મહાનિરીક્ષકશ્રી(વહીવટ), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- પોલીસ મહાનિરીક્ષકશ્રી, તમામ રેન્જ, ગુજરાત.
- પોલીસ અધિક્ષકશ્રી, તમામ જીલ્લા, ગુજરાત.
- નાણા સલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા વિભાગ/ઝ.૧- શાખા, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર./અમદાવાદ.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર./અમદાવાદ.
- સેકશન અધિકારીશ્રી, આર, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ.